# પ્રેસનોટ

"નિર્મળ ગુજરાત અંતર્ગત સફાઈ અભિયાન"

સ્વચ્છતાની પ્રવૃતિને વધુ આગળ વધારવા અને ગુજરાત રાજયને સ્વચ્છતા બાબતે દેશમાં એક મોડલ રાજ્ય બનાવવા તા.૨૫/૧૨/૨૦૨૩ સુશાસન દિવસે માન.મુખ્ય મંત્રીશ્રી દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" લોન્ચ કરવામાં આવેલ છે.જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" નાં ભાગરૂપે સ્વચ્છતા હી સેવાની પ્રવૃત્તિનીને વધુ વેગ આપવા તા.૧ જુન ૨૦૨૪ થી તા.૧૫ જુન ૨૦૨૪ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આજ રોજ તા.૦૧/૦૬/૨૦૨૪ ના રોજ આરોગ્ય વિભાગ દ્વારાશહેરના દરેક ઝોન વિસ્તારમાં આવેલ તમામ ધાર્મિક સ્થળો, મ્યુઝીયમ, પ્રવાસન સ્થળો, હેરીટેજ બિલ્ડીંગ, પુરાતત્વીય સાઈટની સફાઈ ઝુંબેશ અને ટેકનીકલ વિભાગ દ્વારા ફૂટપાથ રીપેરીંગ, સ્ટ્રોમ વોટર ડ્રેઈનની સફાઈ અને પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

આ સફાઈ ઝુંબેશ સેન્ટ્રલ ઝોનમાં સુરત કિલ્લો, વરાછાએ -ઝોનમાંઉમીયાધામ મંદિર, વરાછાબી ઝોન-માં સરથાણાનેચર પાર્ક ની આજુ બાજુ નો વિસ્તાર, રાંદેર ઝોનમાંઇસ્કોન મંદિર અને રામમઘી, કતારગામ ઝોનમાંકંતારેશ્વર મહાદેવ મંદિર તેમજ આજુબાજુ નો વિસ્તાર,ઉધનાએ -ઝોનમાંદક્ષેશ્વર મંદિર સંલગ્ન વિસ્તાર, ઉધનાબી ઝોન-માં કનકપુરનાસુભાષ ચોક તથા આજુબાજુનો વિસ્તાર, અઠવા ઝોનમાંરામચોક અનેલીંબાયત ઝોનમાંઆસ્પાસ દાદા મંદિરખાતે હાથ ધરવામાં આવેલ હતી.જેમાં તમામ ઝોનમાં કુલ૧૬૦૧ સફાઈ કામદાર/બેલદાર, ૬૫ સુપરવાઈઝર,૭૮ વાહનો દ્વારાઝોનલ ચીફશ્રીની દેખરેખ હેઠળસફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

સદર સફાઈ ઝુંબેશમાં સફાઈ કામદાર, NGO/SHG ગ્રુપ તેમજ શહેરીજનો સહીત કુલ ૫૭૩૭ લોકો હાજર રહેલ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દરેક ઝોન વિસ્તાર માંથી કુલ ૪૭.૨૬ મે.ટન કચરો અને ૧૦૧ મે.ટન C&D

વેસ્ટ એકત્રીત કરી C&D વેસ્ટC&D વેસ્ટ કલેક્શન એન્ડ પ્રોસેસિંગ સેન્ટર, કોસાડ ખાતે મોકલવામાં આવેલ, વધુમાંભીના કચરાનું કમ્પોસ્ટીંગ બેડ ખાતે,મંદિરો માંથી એકત્રિત કરવામાં આવેલ ફ્લાવર વેસ્ટ વર્મી કામ્પોસ્ટ પ્લાન્ટ ખાતેમોકલી નિકાલ કરવામાં આવેલ છે તેમજ ટેકનીકલ વિભાગ દ્વારા કુલ૯૩૬ચો.મી. ફૂટપાથ રીપેરીંગ, ૨૭૪ડ્રેનેજ મશીન હોલ/ચેમ્બરની સફાઈ અને ૩૨૨ચો.મી. પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

આ ઉપરાંતઆવતીકાલ તા.૦૨-૦૬-૨૦૨૪ ના રોજ નીચે મુજબના વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

- સેન્ટ્રલ ઝોન -વરાછા ગરનાળાથી દિલ્હીગેટસુધી
- વરાછા-એ ઝોન -સારોલી રોડ(સુરત-બારડોલી રોડ)
- વરાછા-બી ઝોન - કામરેજ ચાર રસ્તાથી લસકાણા પોલીસ ચોકી સુધી
- રાંદેર ઝોન - સરોલી બ્રિજ થી ઈસ્કોન સર્કલ
- કતારગામ ઝોન -શ્રીરામ સર્કલ થી ગોથાણ બ્રીજ
- ઉધના-એ ઝોન - કોક્રરીટ સર્કલ થી તિરૂપતિ સર્ક્લ
- ઉધના-બી ઝોન -બાબા હોન્ડા થી વાંઝ ચાર રસ્તા
- અઠવા ઝોન - ખજોદ ચાર રસ્તા થી શ્યામ મંદિર રોડ
- લીંબાયત ઝોન -ખરવાસા રોડ થી મધુરમ સર્કલ

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૩
તા.૦૧/૦૬/૨૦૨૪




॥ૐ॥
॥ જય સીતારામ ॥


સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરીએ
કાપડ/શણની થેલીનો ઉપયોગ કરીએ
INDIA's




siltMan 3020